RNI No.: GUJGUJ/2014/59295

E mail - prdpraval@yahoo.co.uk

# ન્યુઝ ઓફ ગાંધીનગર

NEWS OF GANDHINAGAR (Daily) દૈનિક

"ગુજરાત રાજ્ય માહિતી ખાતાની પેનલ ઉપર નું અગ્રીમ દૈનિક અખબાર"

www.janfariyadnews.com

*Editor : Pradip A. Raval (Mo) 98246 53073 * Block No.677/2, Gh Type, Sector - 8, Gandhinagar (Gujarat)

* Volume : 11 * Issue No. 09 * Date: 27.10.2024,Sunday * Page :04 * Rs. 1.00/- * Annual Rs. 351/-

# ફ્લાઈટ્સમાં બોમ્બની ખોટી ધમકીઓને લઈને કેન્દ્ર સરકારે જાહેર કરી એડવાઈઝરી



ફ્લાઈટ્સને સતત મળી રહેલી બોમ્બની ધમકીને લઈને આઈટી મંત્રાલયે એડવાઈઝરી જાહેર કરી છે. એવી માહિતી હટાવવા અને સુરક્ષા એજન્સીઓને તેમની માહિતી આપવાની જવાબદારી સોશિયલ મીડિયા પ્લેટફોર્મની હશે. કેન્દ્ર સરકારે સોશિયલ મીડિયા પ્લેટફોર્મ એક્સ, મેટા અને અન્ય પ્લેટફોર્મ પાસે આને લઈને મદદ માગી છે.ઈલેક્ટ્રોનિક્સ અને ઈન્ફોર્મેશન ટેકનોલોજી મંત્રાલયે ઈન્ફોર્મેશન ટેકનોલોજી અધિનિયમ, ૨૦૦૦ અને ઈન્ફોર્મેશન ટેકનોલોજી (મધ્યસ્થ દિશાનિર્દેશ અને ડિજિટલ મીડિયા આચાર સંહિતા) નિયમ, ૨૦૨૧ હેઠળ મધ્યસ્થો દ્વારા યોગ્ય પરિશ્રમના પાલન હેઠળ દિશાનિર્દેશ અપાયા છે.આઈટી મંત્રાલયે કહ્યું છે કે, છેલ્લા કેટલાક દિવસોમાં સોશિયલ મીડિયા મધ્યસ્થો સહિત અલગ અલગ માધ્યમોથી ભારતમાં સંચાલિત અલગ અલગ એરલાઈન્સને ખોટી બોમ્બની ધમકીઓ મળી રહી છે. એરલાઈન્સ, મુસાફરો અને સુરક્ષા એજન્સીઓને આ પ્રકારની ખોટી બોમ્બની ધમકીઓના કારણે મુશ્કેલી વેઠવી પડી રહી છે. તેનાથી એરલાઈન્સનું સામાન્ય સંચાલન ખોરવાય છે અને મોટાપાયે આર્થિક નુકસાન પણ થાય છે.મંત્રાલયે કહ્યું કે, એરલાઈન્સને ખોટી બોમ્બ ધમકીઓ જેવી કૃત્ય જાહેર વ્યવસ્થા અને રાજ્યની સુરક્ષા માટે સંભાવિત ખતરો પેદા કરે છે. આ રીતે ખોટી ધમકીઓ મોટી સંખ્યામાં નાગરિકોને તકલીફ આપવાની સાથે દેશની આર્થિક સુરક્ષાને પણ અસ્થિર કરે છે.આ સિવાય, સોશિયલ મીડિયા પ્લેટફોર્મ પર 'ફોરર્વડિંગ/રી-પોસ્ટિંગ/રી-ટ્વીટ'ના વિકલ્પો હોવાના કારણે આ પ્રકારની ખોટી ધમકીઓનો ફેલાવો ખતરનાક રીતે બેકાબૂ થયો છે. આ રીતની ખોટી ધમકીઓ વધુ પડતી ખોટી માહિતી હોય છે જે જાહેર વ્યવસ્થા, એરલાઈન્સના સંચાલન અને એરલાઈન મુસાફરોની સુરક્ષાને મોટા પ્રમાણમાં અસર કરે છે.આઈટી મંત્રાલયે કહ્યું કે, આ સંબંધિત એ ધ્યાન આપવું જોઈએ કે સોશિયલ મીડિયા મધ્યસ્થો સહિત મધ્યસ્થોને ઈન્ફોર્મેશન ટેકનોલોજી અધિનિયમ, ૨૦૦ અને ઈન્ફોર્મેશન ટેકનોલોજી (મધ્યસ્થ દિશાનિર્દેશ અને ડિજિટલ મીડિયા આચાર સંહિતા) નિયમ, ૨૦૨૧ હેઠળ યોગ્ય પરિશ્રમનું દાયિત્વ છે કે તેઓ એવી ખોટી માહિતીઓને તાત્કાલિક હટાવી દે જે જાહેર વ્યવસ્થા અને રાજ્યની સુરક્ષાને અસર કરે છે.આ પ્રકારે યોગ્ય પરિશ્રમ જવાબદારીઓના ભાગરૂપે સોશિયલ મીડિયા મધ્યસ્થો સહિત સંબંધિત મધ્યસ્થોની આ જવાબદારી છે કે તેઓ કોઇ પણ યૂઝર્સને કોઈ પણ ગેરકાયદે અથવા ખોટી માહિતીને હોસ્ટ, પ્રદર્શિત, અપલોડ, સંશોધિત, પ્રકાશિત, પ્રસારિત, સંગ્રહિત, અપડેટ કે શેર કરવાની મંજૂરી ન આપીને આઈટી નિયમ, ૨૦૨૧ હેઠળ તાત્કાલિક જરૂરી કાર્યવાહી કરે. આ સિવાય, આઈટી અધિનિયમની કલમ ૭૯ હેઠળ સોશિયલ મીડિયા મધ્યસ્થો દ્વારા ઉપલબ્ધ અથવા હોસ્ટ કરાયેલી કોઈ પણ ત્રીજા પક્ષની માહિતી, ડેટા કે કોમ્યુનિકેશન લિંક માટે જવાબદારીમાંથી મુક્તિ લાગુ થશે નહીં, જો આવા મધ્યસ્થીઓ આઈટી એક્ટ, ૨૦૨૧ની સાથે નક્કી કરેલી જવાબદારીઓનું પાલન નહીં કરે અથવા ગેરકાયદે કામમાં મદદ કર છે.ગાઈડલાઈનમાં કહેવાયું છે કે, આઈટી નિયમ, ૨૦૨૧માં ઉપલબ્ધ કરાયેલી યોગ્ય પરિશ્રમ જવાબદારીઓનું પાલન કરવામાં સોશિયલ મીડિયા મધ્યસ્થોની નિષ્ફળતાના મામલે આઈટી અધિનિયમની કલમ ૭૯ની જોગવાઈ આવા મધ્યસ્થ પર લાગુ નહીં થાય અને તેઓ આઈટી અધિનિયમ અને ભારતીય ન્યાય સંહિતા ૨૦૨૩ સહિત કોઈ પણ કાયદા હેઠળ ઉપલબ્ધ કરાયેલા પરિણામી કાર્યવાહી માટે જવાબદાર હશે.

## 'આંતરરાષ્ટ્રીય કાયદાનું ઉલ્લંઘન...', ઈરાન પર હુમલાથી ભડક્યાં મુસ્લિમ દેશો, ઈઝરાયલને આપી ચેતવણી



ઈરાન દ્વારા ઈઝરાયલ પર હુમલા બાદ ઈઝરાયલે પણ વળતો પ્રહાર કર્યો છે. સતત ઈઝરાયલ દ્વારા ઈરાન પર કરવામાં આવેલાં હુમલાની હવે ઘણાં મુસ્લિમ દેશો ભડક્યાં છે અને જાહેરમાં ઈઝરાયલની નિંદા કરી રહ્યાં છે. ઓમાને ઈરાનના વિસ્તારમાં ઈઝરાયલ દ્વારા કરવામાં આવેલા હવાઈ હુમલાની નિંદા કરી છે. તેઓએ પોતાના નિવેદનમાં કહ્યું કે, આ પ્રકારની કાર્યવાહી તણાવ ઓછો કરવા અને શાંતિપૂર્ણ તેમજ રાજકીય રીતે સંકટને નિયંત્રિત કરવાના પ્રયાસોને કમજોર કરે છે. મલેશિયાએ પણ આ હુમલાની નિંદા કરી છે. મલેશિયાએ કહ્યું કે, આ હુમલો આંતરરાષ્ટ્રીય કાયદાનું ઉલ્લંઘન કરે છે.

આ સિવાય પાકિસ્તાનના વિદેશ મંત્રાલયે પણ શનિવારે ઈરાન ઈઝરાયલ સૈન્ય દ્વારા કરવામાં આવેલા હુમલાની નિંદા કરી છે. તેણે તેને સાર્વભૌમત્વ, સંયુક્ત રાષ્ટ્ર ચાર્ટર અને આંતરરાષ્ટ્રીય કાયદાનું ગંભીર ઉલ્લંગન છે. પાક વિદેશ મંત્રાલયે પોતાના નિવેદનમાં કહ્યું કે, 'આ કાર્યવાહી વિસ્તારને અસ્થિર કરે છે અને શાંતિ માટે જોખમ ઉભુ કરે છે. અમે સંયુક્ત રાષ્ટ્ર સુરક્ષા પરિષદ અને વૈશ્વિક સમુદાયને શાંતિ સ્થાપવા માટે તુરંત કાર્યવાહી કરવાનો આગ્રહ કરીએ છીએ.'

## ૨૦ વર્ષે કુંભકર્ણની નિંદ્રામાંથી જાગ્યું હાઉસિંગ બોર્ડઃ એક નોટિસથી ૪૫૦થી વધુ વિદ્યાર્થીઓનું ભવિષ્ય અધ્ધરતાલ

ગુજરાતમાં તંત્રની બેદરકારીના કારણે અનેકો બાળકોનું ભવિષ્ય જોખમાયું છે. અમદાવાદ શહેરમાં ૨૦ વર્ષ પહેલાંની જ્યાં શાળા બની ચુકી છે, ત્યાં હવે એકદમ ઉંઘમાંથી જાગેલા તંત્રને યાદ આવ્યું છે કે, આ જગ્યા તો હાઉસિંગ બોર્ડની છે. ૨૦ વર્ષથી જ્યાં વિદ્યાર્થીઓ અભ્યાસ કરી રહ્યા છે, તે શાળાને ૩૦ દિવસમાં ખાલી કરવા હાઉસિંગ બોર્ડે નોટિસ ફટકારી છે. નવાઈની વાત તો એ છે કે, હાઉસિંગ બોર્ડને એકાએક આવી એક નહીં પરંતુ ત્રણ શાળાઓ ધ્યાને આવી, જેણે હાઉસિંગ બોર્ડની જમીન પર ગેરકાયદેસર રીતે શાળા બનાવી છે. હાઉસિંગ બોર્ડે બાપુનગરની આવી ત્રણ શાળાઓને ૩૦ દિવસમાં શાળા ખાલી કરવાની નોટિસ આપી ખાલી કરવાનો આદેશ આપ્યો છે. હાઉસિંગ બોર્ડ દ્વારા બાપુનગરમાં પોતાની જગ્યા પર થયેલાં ગેરકાયદેસર બાંધકામ દૂર કરવાની કવાયત હાથ ધરવામાં આવી છે. જેમાં બાપુનગરની ત્રણ શાળાઓ એ.બી વિદ્યાલય, ખ્યાતિ પ્રિ સ્કૂલ અને ટાઈની ટોયસને હાઉસિંગ બોર્ડે ૩૦ દિવસમાં ખાલી કરવાનો આદેશ આપ્યો છે. તેમજ આ જગ્યાએ બનાવવામાં આવેલી શાળાની બિલ્ડીગને પણ તોડી પાડવાનો આદેશ અપાયો છે. નોંધનીય છે કે, એબી વિદ્યાલયમાં આશરે ૪૫૦થી વધુ વિદ્યાર્થીઓ અભ્યાસ




કરી રહ્યાં છે. ત્યારે ૩૦ દિવસમાં શાળા ખાલી કરવાના આદેશને લઈને બાળકો અધવચ્ચે ક્યાં અભ્યાસ માટે જશે? હાઉસિંગ બોર્ડના સફાળા જાગીને લેવામાં આવેલા આ નિર્ણયના કારણે ૪૫૦થી વધુ વિદ્યાર્થીઓનું ભવિષ્ય જોખમમાં મુકાયું છે. આ સિવાય અન્ય બે પ્રી-સ્કૂલમાં પણ નાનાં ભૂલકાંઓનું ભવિષ્ય જોખમાઈ રહ્યું છે. આ વિશે જિલ્લા શિક્ષણ અધિકારી રોહિત ચૌધરીએ જણાવ્યું કે, અમને મીડિયાના માધ્યમથી જ જાણવા મળ્યું છે કે, ત્રણ શાળાને ગુજરાત હાઉસિંગ બોર્ડ દ્વારા નોટિસ આપવામાં આવી છે. હાઉસિંગ બોર્ડે નોટિસમાં લખ્યું છે કે, હાઉસિંગની જગ્યાએ શાળાઓનું બાંધકામ થયું હોવાથી તેમને નોટિસ આપવામાં આવી છે. પરંતુ આ પ્રકારની કોઈ નોટિસ કે જાણકારી અત્રેની કચેરીને આપવામાં નથી આવી. અત્રેની કચેરીને જો આ પ્રકારની કોઈ માહિતી આપવામાં આવશે, તો અમે એ પ્રકારે વિદ્યાર્થીઓની વૈકલ્પિક વ્યવસ્થા સંબંધિત જે કોઈ કાર્યવાહી કરવાની થશે તે કરીશું. જેના કારણે બાળકોનું ભવિષ્ય ન બગડે.

## ખોટા દસ્તાવેજો રજુ કરીને ભાજપાના કાઉન્સીલરે જનતા સાથે કરી છેતરપીંડી

અમદાવાદ શહેર કોંગ્રેસ પ્રમુખશ્રી હિંમતસિંહ પટેલે પત્રકાર પરિષદને સંબોધન કરતા જણાવ્યું હતું કે, નવરંગપુરા વોર્ડ મ્યુનિ. કોર્પોરેશનની ચૂંટણીમાં ભાજપના ઉમેદવાર શ્રી નીરવ જગદીશભાઈ કવી તેમણે ઉમેદવારી ફોર્મ તા. ૫/૨/૨૦૨૧ના રોજ ભરેલું તેમાં તેમની જન્મ તારીખ ૧૧/૧૧/૧૯૭૭ દર્શાવેલ હતી જે ખોટી જન્મ તારીખ છે. તેમની સાચી જન્મ તારીખ ૧/૬/૧૯૭૫ ની છે. નીરવ કવીની સાચી જન્મ તારીખના આધારે મુસલમાન રાજ કવી મિર છે. જેથી તે સાચી હકિકત મતદારો સમક્ષ ના આવે તેવા બદ હેતુથી અને સાચા પુરાવા રેકર્ડ ઉપર ના આવે તેવા બદ ઈરાદાથી ખોટી જન્મ તારીખ લખાવી તેના આધારે તેમનું આધારકાર્ડ, ચૂંટણી, પાનકાર્ડ જેવા ડોક્યુમેન્ટસ બનાવેલ હતા. જેની કોંગ્રેસના નવરંગપુરા વોર્ડના ઉમેદવાર જયકુમાર પટેલને જાણ થતાં તેમણે સૌ પ્રથમ પોલીસ કચેરીઓમાં લેખિત ફરીયાદ આપેલી પરંતુ પોલીસ તરફથી કોઈ કાર્યવાહી નહીં થતાં અમદાવાદ મેટ્રો પોલીટન મેજીસ્ટ્રેટ કોર્ટ નં. ૨૩માં ક્રિમીનલ કેસ આઈ.પી.સી.ની કલમ ૧૯૧, ૧૯૨, ૧૯૩, ૧૯૬, ૧૯૯, ૪૧૪, ૪૨૦ મુજબ ૨૭૨૧/૨૦૨૧ નો દાખલ કરેલ મેટ્રો પોલીટન મેજીસ્ટ્રેટ કોર્ટમાં નીરવ કવીની સાચી જન્મ તારીખ ૧/૬/૧૯૭૫ સાચી છે તે સાબિત કરવા માટે પંકજ વિદ્યાલય તેમજ સમર્થ હાઈસ્કુલ તરફથી સ્કુલનુ જનરલ રજીસ્ટરનું રેકર્ડ સાથે નામદાર કોર્ટમાં જુબાની આપેલી અને જન્મ તારીખ ૧/૬/૧૯૭૫ છે તે સાબિત કરેલ તેમ છતાં નામદાર કોર્ટે ક્રિમીનલ પ્રોસીઝરની કલમ ૨૦૩ હેઠળ ફરિયાદ રદ કરેલ જેથી અમદાવાદ સીટી સીવીલ એન્ડ સેસન્સ કોર્ટમાં ક્રિમીનલ રીવીઝન નંબર ૧૬/૨૦૨૩ થી દાખલ કરેલી. જેમાં બન્ને પક્ષકારોની રજુઆત સાંભળ્યા બાદ નામ. સેસન્સ જજશ્રી એમ.પી. પુરોહિત સાહેબે તા. ૨૧/૧૦/૨૦૨૪ ના રોજ ચુકાદો આપી ટ્રાયલ કોર્ટનો હુકમ રદ કરી ભાજપના મ્યુનિ. કાઉન્સીલર નીરવ કવી સામે ઉપરોક્ત કલમો હેઠળ ફરિયાદ દાખલ કરી પ્રોસેસ કાઢવા હુકમ કરેલ.જય પટેલનો કેસ કોંગ્રેસ પાર્ટી તરફથી લીગલ સેલના ચેરમેનશ્રી કલ્પેશ પટેલ, કન્વીનર યુ.ડી. શેખાવત તથા એડવોકેટ અરવિંદ વાણીયા સતત પ્રયત્ન કરી ભાજપ સામે કાયદાકીય લડત આપેલ છે.પત્રકાર પરિષદમાં ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિના મીડીયા કન્વીનર અને પ્રવક્તા ડૉ. મનિષ દોશી, અમદાવાદ શહેર લીગલ સેલના ચેરમેનશ્રી કલ્પેશ પટેલ, અમદાવાદ શહેર લીગલ સેલના કન્વીનરશ્રી યુ.ડી. શેખાવત, નવરંગપુરા વોર્ડના કોંગ્રેસ પક્ષના ઉમેદવારશ્રી જયકુમાર પટેલ ઉપસ્થિત રહ્યાં હતાં.

## દિવાળી પહેલા કાંકરીયાના પ્રાણી સંગ્રહાલયમાં આવ્યા નવા આઠ મહેમાન

કાંકરિયાના પ્રાણીસંગ્રહાલય અમદાવાદનું એક મહત્વનું આકર્ષણ છે. જેમાં વિવિધ પ્રકારના દેશ-વિદેશના પ્રાણીઓ અને પક્ષીઓ જોવા લોકો મોટી સંખ્યામાં ઉમટે છે. સમયાંતરે અમદાવાદ મહાનગરપાલિકા નીત નવા આકર્ષણો ઉમેરે છે. તેના ભાગ રૂપે દિવાળી પહેલા મહારાષ્ટ્રથી નવા મહેમાનનું આગમન થયું છે. જેમાં બે નવી વાઘણ સહિત છ નવા દીપડાને નાગપુરથી કાંકરિયાના પ્રાણીસંગ્રહાલયમાં લાવવામાં આવ્યાં છે.

લોકો આજે શનિવારથી જ આઠ નવા સમાવેશ કરવામાં આવેલા પ્રાણીઓને નિહાળી શકશે. ધારાસભ્ય અમિત શાહ, કોર્પોરેશન અને વહીવટી તંત્ર સહિતના મહાનુભાવોએ ઉપસ્થિત રહી નવા પ્રાણીઓની ભેટ આપી હતી.



મહારાષ્ટ્રના નાગપુરના ગોરેવાડા પ્રાણીસંગ્રહાલય સાથે વિનિમય પ્રથાના ભાગ રૂપે આ પ્રાણીઓ લાવવામાં આવ્યા છે. બે વાઘણ અને ત્રણ જોડી દીપડા મળી કુલ આઠ પ્રાણીઓના બદલામાં કાંકરિયા પ્રાણીસંગ્રહાલયમાંથી ૧૯ જેટલા પશુ-પક્ષીઓ ગોરેવાડા પ્રાણીસંગ્રહાલયને આપવામાં આવ્યા છે.

સેન્ટ્રલ ઝૂ ઓથોરિટી, નવી દિલ્હીના નીતિ નિયમ પ્રમાણે આ પ્રાણીઓને વિશિષ્ટ પ્રકારના વાતાવરણ માટે મુલાકાતીઓથી દૂર રાખવા માટે તેમને એક મહિના સુધી ક્વોરેન્ટાઈન રાખવામાં આવ્યા હતા. કાંકરિયાના પ્રાણીસંગ્રહાલયના વાતાવરણમાં ટેવાઈ ગયા બાદ આ પ્રાણીઓને મુલાકાતીઓ માટે ખુલ્લા મુકવામાં આવ્યાં છે.

## મોદી સરકારના મંત્રી ગિરિરાજ સિંહ વિરુદ્ધ FIR દાખલ

ઓલ ઈન્ડિયા મજલિસ-એ-ઈત્તેહાદુલ મુસ્લિમીન (ઢૈંસ્સ્)એ કેન્દ્રીય મંત્રી ગિરિરાજ સિંહ વિરુદ્ધ ભડકાઉ ભાષણ આપવાના આરોપમાં બિહારની કિશનગંજ કોર્ટમાં હ્લૈંઇ દાખલ કરી છે. ઢૈંસ્સ્ના વકીલનું કહેવું છે કે, ગિરિરાજ સિંહે પોતાના કિશનગંજ પ્રવાસ દરમિયાન ઘણી જાહેર સભાઓમાં એવા નિવેદનો આપ્યા હતા, જેના કારણે સમુદાયો વચ્ચે વૈમનસ્ય ફેલાઈ શકે છે અને સ્થાનિક લોકોની ભાવનાઓને ઠેસ પહોંચી છે.ફરિયાદમાં આરોપ લગાવવામાં આવ્યો છે કે, ગિરિરાજ સિંહે ઈરાદા પૂર્વક આવા ભાષણો આપ્યા હતા જે હિંદુ અને મુસ્લિમ સમુદાયો વચ્ચે તણાવ વધારી શકે છે અને સૌહાર્દને નુકસાન પહોંચાડી શકે છે. વકીલે કહ્યું કે, ગિરિરાજ સિંહના નિવેદનથી અહીંની શાંતિ અને ભાઈચારાને અસર થઈ છે અને તેમણે એક સમુદાયને ભડકાવવાનો પ્રયાસ કર્યો છે.


## તંત્રી સ્થાનેથી..

# જર્મનીની કંપનીઓ ચીનમાંથી ફેક્ટરીઓ ભારતમાં શિફ્ટ કરશે

જર્મનીને આશા છે કે ભારતમાં ઉત્પાદન વધારવાથી ચીન પર તેની નિર્ભરતા ઘટશે, ભલે ભારત નવું ચીન ન બની શકે. ૬ વર્ષમાં જર્મન કંપનીઓનું ભારતમાં રોકાણ ૪.૫ લાખ કરોડ સુધી પહોંચી શકે છે. જે અત્યારથી બમણું છે. કારથી લઈને લૉજિસ્ટિક્સ સુધી, જર્મન કંપનીઓને ભારતના ઝડપી આર્થિક વિકાસની સંભાવનાઓથી મોટી આશા છે. જર્મની ભારતના કુશળ યુવાઓની વિશાળ વસ્તી, ઓછા ખર્ચ તેમજ અંદાજે ૭% આર્થિક વૃદ્ધિનો ફાયદો ઉઠાવવા માંગે છે.જર્મન ચાન્સેલર શૉલ્ત્સ એવા સમયે ભારત આવ્યા છે જ્યારે જર્મનીનું નિકાસ આધારિત અર્થતંત્ર સતત બીજા વર્ષે મંદીનો સામનો કરી રહ્યું છે. જર્મન ચેમ્બર ઑફ કોમર્સ ડ્ઢૈંૐદ્ભના વિદેશી વેપાર પ્રમુખ વોલ્કર ટ્રાયરે કહ્યું કે ૨૦૨૨માં ભારતમાં જર્મનીનું પ્રત્યક્ષ રોકાણ ઈ૨૭ અબજ (રૂ.૨.૨૭ લાખ કરોડ) હતું.

ભારતનું માર્કેટ મોટું છે. વિશ્વમાં આર્થિક વિકાસદર સૌથી વધુ છે, શ્રમિકોની અછત નથી, ઉત્પાદન ખર્ચ પણ યુરોપ કરતાં ઓછો છે.૮૨% જર્મન કંપનીઓને આશા છે કે આગામી પાંચ વર્ષમાં ભારતમાં તેની આવક તેજીથી વધશે. આ ગ્રોથ યુરોપ અને ચીન કરતાં વધુ હશે.૫૯% કંપનીઓ અત્યારે ભારતમાં પોતાની રોકાણની યોજનાને વધારી રહી છે.

# વિદ્યાર્થીઓએ નિરમા યુનિવર્સિટી દ્વારા આયોજિત TECHNOFORA ૨૪માં રોબોટિક કાર બનાવી



નિરમા યુનિવર્સિટી ખાતે ISA સ્ટુડન્ટ્સ ક્લબ દ્વારા નવીનતા અને ઓટોમેશનને સમર્પિત ત્રણ દિવસીય ઈવેન્ટ ͺECHNOFORA ૨૪નું આયોજન કરવામાં આવ્યું હતું. ઈલેક્ટ્રોનિક્સ અને ઈન્સ્ટ્રુમેન્ટેશન એન્જિનિયરિંગ વિભાગના વડા ડૉ. હિમાંશુ પટેલ અને પ્રોફેસર સ્નેહ સોનીની આગેવાની હેઠળ, રોબોટિક્સ, ગાયરોબોટ્સ, સિક્સ્થ-સેન્સ બૉટ્સ અને એચએમઆઈ ડિઝાઈન પર વર્કશોપ નુ આયોજન થયું હતું.ઈવેન્ટમાં શાળાના વિદ્યાર્થીઓને રોબોમેનિયામાં ભાગ લેવા માટે આવકારવામાં આવ્યા હતા, જ્યાં તેઓએ પોતાની રોબોટિક કાર બનાવી હતી અને ઑટોમેનિયા, ઑટોમેશન-થીમ આધારિત ક્વિઝમાં ભાગ લીધો હતો. TECHNOFORA '૨૪ની વિશેષતા ૩૭-કલાકની ટેકથોન હતી, જ્યાં ટીમોએ ?૧૫,૦૦૦ના પ્રાઈઝ પૂલ માટે વાસ્તવિક-વિશ્વના ઓટોમેશન પડકારોનો સામનો કરીને અવરોધો, ઢોળાવ અને બેલ-રિંગ ફિનિશથી ભરેલા આકરા ચેલેન્જીસ નો સામનો કર્યો. આ ઈવેન્ટ માત્ર સર્જનાત્મકતા અને સમસ્યાનું નિરાકરણને પ્રોત્સાહિત કરતી નથી: પણ ઓટોમેશનના રોમાંચક ક્ષેત્રમાં ભાવિ એન્જિનિયરોની પ્રતિભાનું પ્રદર્શન પણ કરે છે.

# થરાદ માર્કેટયાર્ડ ખાતે ચેક વિતરણ કાર્યક્રમ યોજાયો; ૯ મૃત્યુના પરિવારજનોને ૯ લાખ આપવામાં આવ્યાં

ધી ખેતીવાડી ઉત્પન્ન બજાર સમિતિ થરાદ દ્વારા થરાદ તાલુકાના દસથી સિત્તેર વર્ષ સુધીની વય જૂથના તમામ પ્રજાજનોને માર્કેટ યાર્ડ દ્વારા વિમા કવચ લેવામાં આવ્યાં હતાં. જે ચેરમેનની ઉપસ્થિતિમાં ચેક વિતરણ કરાવામાં આવ્યાં હતાં. આ પ્રસંગે પૂર્વે સાંસદ પરબત પટેલ સહિત ઉપસ્થિત રહ્યા હતા.

ધી ખેતીવાડી ઉત્પન્ન બજાર સમિતિ થરાદ દ્વારા થરાદ તાલુકાના દસથી સિત્તેર વર્ષ સુધીની વય જૂથના તમામ પ્રજાજનો માટે રૂપિયા એક લાખનો અકસ્માત વીમા કવચ લેવાયેલા છે. જે અંતર્ગત આજ તા.૨૬/૧૦/૨૦૨૪ને શનિવારના રોજ થરાદ માર્કેટયાર્ડ ખાતે ચેરમેન શૈલેષ પટેલ તથા બોર્ડ ઓફ ડિરેક્ટર્સો તથા સેક્રેટરી બી.એમ.પટેલની હાજરીમાં અકસ્માતે મૃત્યુ પામનાર ૯ મૃતકના વાલી વારસોને રૂપિયા એક એક લાખના ૯ ચેક આપવામાં આવ્યા હતા.

# ગુજરાત-રાજસ્થાન બોર્ડર પરથી ઝડપાયેલા રૂ. ૭ કરોડનો રેલો મુંબઈ પહોંચ્યો, પોલીસ તપાસનો ધમધમાટ



બનાસકાંઠાની અમીરગઢ પોલીસ ચેકપોસ્ટ પાસે આવેલ રાજસ્થાનના માવલ ચેકપોસ્ટ પર એક કારમાંથી પોલીસે રૂપિયા ૭ કરોડ રૂપિયાની બેનામી રકમ કબજે કરી હતી. જેમાં પકડાયેલા મહેસાણાના બે શખસે પોલીસ સમક્ષ મુંબઈના સૂત્રધારે પૈસા લેવા માટે દિલ્હી મોકલ્યા હોવાનું જણાવ્યું હતું. હવે આ મામલે રાજસ્થાન ઈન્કમટેક્ષ વિભાગ તેમજ પોલીસે તપાસનો ધમધમાટ શરૂ કર્યો છે. મહેસાણાના બે શખસોએ પોલીસ સમક્ષ મુંબઈના સૂત્રધારે પૈસા લેવા દિલ્હી મોકલ્યા હોવા સહિતના વટાણા વેર્યા હતા. રાજસ્થાનના માવલ પોલીસ ચેકપોસ્ટ પરથી કારમાં સીટના નીચે ગુપ્ત ખાનામાંથી સાત કરોડ રૂપિયાથી વધુની રોકડ સાથે મહેસાણાના બે શખસ ઝડપાયાં હતાં. આ રોકડ રકમના કોઈપણ પુરાવા આ લોકો પાસે મળ્યા ન હતા. આ મામલે પોલીસ ગુનો નોંધી આગળની તપાસ માટે સિરોહી આયકર વિભાગ આરોપીઓને સોંપવામાં આવ્યા હતા.પોલીસ અધિકારી સીતારામના જણાવ્યાનુસાર, કરોડોની રોકડ સાથે પકડાયેલા આ શખસોને મુંબઈની પાર્ટીએ પૈસા લેવા માટે દિલ્હી મોકલ્યા હતા. તેઓ જણાવેલા લોકેશન પહોંચ્યા, ત્યારે અજાણ્યા શખસે આ આરોપીઓને રૂપિયા ભરેલી કાર આપી હતી. અમદાવાદ આવ્યા બાદ પૈસા કોને આપવાના છે અથવા આગળ ક્યાંક લઈ જવાના છે તેની જાણ કરવાનું કહ્યુ હતું. દિલ્હીથી નાકળીને આસાનીથી માવલ ચેક પોસ્ટ સુધી પહોંચ્યા હતા. પરંતુ ગુજરાતમાં પ્રવેશે તે પહેલાં રાજસ્થાન પોલિસ બોર્ડર પર અટકવ્યા હતાં. આયકર વિભાગ અને પોલિસે આ રોકડ રકમની ગેરકાયદે હેરાફેરી સહિતની દિશામાં તપાસ શરૂ કરી છે.

# ઈઝરાયલના હુમલામાં નુકસાનની વાત ઈરાને કબૂલી, કહ્યું- ત્રણ શહેરોમાં સૈન્ય ટારગેટ ખતમ

ઈઝરાયલે શનિવારે વહેલી સવારે ઈરાનના સૈન્ય મથકો અને રાજધાની તેહરાન તથા તેની નજીકના શહેરો પર હુમલો કર્યો હતો. ઈરાનનું કહેવું છે કે, ઈઝરાયલના હુમલાએ ઈલમ, ખુઝેસ્તાન અને તેહરાનમાં સૈન્ય મથકોને નિશાન બનાવ્યા હતા, જેનાથી 'મર્યાદિત નુકસાન' થયું છે.એક અહેવાલ પ્રમાણે વિસ્ફોટોની જાણકારી હજુ સુધી નથી મળી. અમેરિકાના એક વરિષ્ઠ સૈન્ય અધિકારીએ જણાવ્યું કે, અમેરિકા ઈરાનમાં થયેલા વિસ્ફોટોથી વાકેફ છે અને સ્થિતિ પર ઝીણવટપૂર્વક નજર રાખી રહ્યું છે.ઈરાન ઉપરાંત ઈરાક અને સીરિયામાં પણ અનેક બ્લાસ્ટ થયા હોવાની સૂચના મળી છે, જેના કારણે સીરિયન સેનાને પોતાની હવાઈ સુરક્ષાને સક્રિય કરવી પડી હતી. પ્રાપ્ત માહિતી પ્રમાણે સીરિયાની રાજધાની દમાસ્કસમાં વિસ્ફોટની સૂચના મળી છે. દિયાલા અને સલાહ અલ-દિન ગવર્નરેટ્સની બહારના વિસ્તારમાં પણ વિસ્ફોટોની સૂચના મળી છે.ઈરાને તેહરાન, ખુઝેસ્તાન અને ઈલામ પ્રાંતમાં લશ્કરી કેન્દ્રો પર હુમલાની વાત સ્વીકારી છે. ઈઝરાયલી મીડિયાના જણાવ્યા પ્રમાણે ઈરાન વિરુદ્ધ ત્રણ તબક્કામાં હુમલા કરવામાં આવ્યા છે. અમેરિકા અને ઈઝરાયલના અધિકારીઓનો હવાલો આપતા અહેવાલમાં કહેવામાં આવ્યું છે કે, 'પ્રથમ તબક્કાનો હુમલો ઈરાની એર ડિફેન્સ પર કેન્દ્રિત હતો જ્યારે બીજા અને ત્રીજા તબક્કામાં મિસાઈલ અને ડ્રોન બેઝ અને પ્રોડક્શન સાઈટ્સને ટાર્ગેટ કરવામાં આવ્યા હતા.ઈઝરાયલી મીડિયાના જણાવ્યા પ્રમાણે વ્હાઈટ હાઉસના વરિષ્ઠ અધિકારીએ કહ્યું કે, અમે ઈરાનને એક સંદેશ મોકલ્યો છે, જો તે જવાબ આપશે તો અમે ઈઝરાયલની રક્ષા કરીશું. બાઈડન સરકારના એક વરિષ્ઠ અધિકારીએ કહ્યું કે, ઈરાન અને ઈઝરાયલ વચ્ચે સીધી ગોળીબારનો અંત થવો જોઈએ. તેમણે વધુમાં કહ્યું કે અમેરિકા પાસે ઈરાન સાથે વાતચીતના ઘણા પ્રત્યક્ષ અને પરોક્ષ માધ્યમો છે જ્યાં તેમણે પોતાની સ્થિતિ સ્પષ્ટ કરી છે. ઈઝરાયલી સેનાના હુમલાની જાણકારી આપતા ઈરાનને ચેતવણી આપી અને કહ્યું કે, અમે 'હુમલા અને બચાવ બંને માટે તૈયાર છીએ.'ઈરાનમાં સૈન્ય મથકો પર શનિવારના હુમલામાં ૧૦૦થી વધુ ઈઝરાયેલી વિમાનોએ ભાગ લીધો હતો. ૨૦૦૦ કિમી દૂરથી કરવામાં આવેલા આ હુમલામાં હ્વ-૩૫ ફાઈટર જેટનો ઉપયોગ કરવામાં આવ્યો છે.

# સુરેન્દ્રનગરના મુળીમાં વીજ કરંટના લીધે બે લોકોના મોત, પરિવારે વીજ કંપનીને ગણાવી જવાબદાર

સુરેન્દ્રનગરના મુળીથી સવાર સવારમાં દર્દનાક સમાચાર સામે આવ્યા છે. ખેતરમાં દવા છાંટતી વખતે બે લોકોને કરંટ લાગતાં તેમના ઘટનાસ્થળે જ મોત નિપજ્યા હતા. ઘટનાના પગલે સુરેન્દ્રનગર પંથકમાં માતમ છવાઈ ગયો છે. ઘટનાની જાણ થતાં પોલીસે અકસ્માતનો ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

પ્રાપ્ત માહિતી મુજબ સુરેન્દ્રનગરના મુળી ગામે વિપુલભાઈ અને ગટુભાઈ કોળી ખેતરમાં દવાનો છંટકાવ કરી રહ્યા હતા. આ દરમિયાન જમીનમાંથી પસાર થઈ રહેલા વાયરમાંથી કરંટ લાગતાં બંનેના ઘટનાસ્થળે જ મોત નિપજ્યા છે. આ દર્દનાક ઘટનાથી પરિવારના માથે આફતનું આભ તૂટી પડ્યું છે. કરંટ બનાવની જાણ થતાં સમગ્ર સુરેન્દ્રનગર પંથકમાં અરેરાટી વ્યાપી જવા પામી છે અને શોકનો માહોલ છે.

આ બનાવની જાણ થતાં સ્થાનિક પોલીસે હાલ અકસ્માતનો ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે. પોલીસે ઘટનાસ્થળે પહોંચી બંને મૃતદેહોને પીએમ અર્થે હોસ્પિટલ ખાતે ખસેડ્યા હતા. તો બીજી તરફ પરિવારે આક્ષેપ કર્યો છે કે વીજ કંપનીની બેદરકારીના લીધે તેમને પોતાના પરિવારજનોને ગુમાવવાનો વારો આવ્યો છે, તેમણે વીજ કંપનીના કર્મીઓ સામે ગુનો નોંધાય તેવી માંગ કરી છે.

## નકલી જજ પછી હવે નકલી શિક્ષણ વિભાગના નિયામક!:

# પત્ર બનાવી ખોટા સહી-સિક્કા કરી શિક્ષિકાને અમદાવાદ ગ્રામ્યમાં બદલીનો ઓર્ડર આપી દીધો, કચેરીએ તપાસ કરતાં જ ભાંડો ફૂટ્યો




રાજ્યમાં નકલીઓનો રાફડો ફાટ્યો હોય એમ જોવા મળી રહ્યું છે. નકલી કચેરી હોય કે નકલી કોર્ટ હોય એક બાદ એક નકલીઓનો ભાંડો ફૂટી રહ્યો છે. ત્યારે હવે બનાસકાંઠામાંથી એક આચાર્યએ શિક્ષણ વિભાગના નકલી નિયામક બનીને એક શિક્ષિકાને બદલીનો ઓર્ડર આપી દીધો હતો. આ સમગ્ર ઘટના ઉજાગર થતાં જ તાત્કાલિક અસરથી આચાર્યને સસ્પેન્ડ કરવામાં આવ્યા છે તેમજ તેમના વિરુદ્ધ પોલીસ ફરિયાદની પણ કાર્યવાહી હાથ ધરવામાં આવી છે. બીજી તરફ આચાર્યે પોતાનો બચાવ કરીને તમામ આરોપોને ફગાવી દીધા હતા.વડગામ તાલુકાના મજાદર પ્રાથમિક શાળાના આચાર્યે ગાંધીનગર શિક્ષણ નિયામકનો નકલી પત્ર બનાવી ખોટા સહી-સિક્કા કરીને એક શિક્ષિકાને બદલીનો ઓર્ડર આપી દીધો હતો, જોકે ઓર્ડર આપ્યા બાદ આ શિક્ષકાને સ્થળ ન મળતાં શિક્ષણ અધિકારીની કચેરીએ પૂછપરછ કરવા ગયાં હતાં. એ બાદ સમગ્ર નકલી કૌભાડનો ભાંડો ફુટ્યો હતો. કચેરીએ ખબર પડી કે આ ઓર્ડર નકલી છે. ઘટના ઉજાગર થતાં જ શિક્ષણ વિભાગ એક્શનમાં આવ્યો હતો અને તાત્કાલિક અસરથી આચાર્ય બ્રિજેશ પરમારને સસ્પેન્ડ કરી દીધા છે તેમજ થરાદ પોલીસ મથકે તેની સામે ગુનો દાખલ કરવાની તજવીજ હાથ ધરી છે. બીજી તરફ આચાર્યએ પોતાનો બચાવ કરીને તમામ આરોપોને ફગાવી દીધા હતા.


બનાસકાંઠામાં નકલી નિયામકના પ્રકરણમાં સમગ્ર ઘટના જોઈએ તો થરાદ તાલુકાના ડુવા ગામના પ્રાથમિક શાળાનાં શિક્ષિકા મીનાબેન પટેલ, જેઓ અમદાવાદમાં રહેતાં હતાં. તેમનો પુત્ર બીમાર હોવાથી તેમની બદલી અમદાવાદ કરવાની હતી. બદલી કરાવવાના પ્રકરણમાં આ શિક્ષિકાના પતિની મુલાકાત બ્રિજેશ પરમાર સાથે થઈ હતી. ત્યાર બાદ બ્રિજેશ પરમારે શિક્ષિકાના ડોક્યુમેન્ટ ૨૦૨૩માં મગાવ્યા હતા. એ બાદ ફેબ્રુઆરી ૨૦૨૪માં આરોપી એવા બ્રિજેશ પરમાર દ્વારા શિક્ષિકાને અમદાવાદ ગ્રામ્ય વિસ્તારમાં બદલીનો ઓર્ડર આપી દેવાયો હતો. સ્થળ બાબતે બ્રિજેશ પરમારને અરજદારે પૂછતાં તેમણે કહ્યું હતું કે વર્ષ ૨૦૨૪ની લોકસભાની ચૂંટણીની આચારસહિતા છે એટલે એનો અમલ થઈ શક્યો નથી. આમને આમ બ્રિજેશ પરમારે આખું વર્ષ આ શિક્ષિકા અને તેના પતિને ગુમરાહ કરી રાખ્યાં હતાં.

# પ્રધાનમંત્રીના આગમન પૂર્વે CDC કંપનીના ડોર ટુ ડોરના કર્મચારીઓની વીજળીક હડતાળ

વડોદરા શહેરના પૂર્વ વિસ્તારમાં કોન્ટ્રાક્ટર સેન્ટર ફોર ડેવલપમેન્ટ એન્ડ કોમ્યુનિકેશન (ઝ્રડ્ઢઝ્ર) ડોર ટુ ડોર કચરો ઉઠાવતી ગાડીઓના કોન્ટ્રાક્ટરના કર્મચારીઓનો બાકી બે મહિનાનો પગાર અને બોનસ અંગે અગાઉ કરાયેલી રજૂઆત છતાં નહીં મળતા આજે એકાએક વીજળી વેગે હડતાલ પર ઉતરી જતા તંત્રના અધિકારીઓ પદાધિકારીઓ દોડતા થઈ ગયા છે. વડાપ્રધાન આગમનને હવે ૫૦ કલાકથી પણ ઓછો સમય બાકી રહ્યો છે ત્યારે સફાઈનો મોટો પ્રશ્ન સર્જાયો છે. ઉપરાંત દિવાળી-નવા વર્ષના તહેવારોમાં ઠેર-ઠેર કચરાના ઢગલા સર્જાવાની શક્યતા નકારી શકાતી નથી. ડીટુડી કોન્ટ્રાક્ટ સફાઈ કર્મીઓનો પ્રશ્ન ન ઊકળે ત્યાં સુધી આંદોલન ચાલુ રાખવાની ચીમકી ઉચ્ચારવામાં આવી છે.

ઉલ્લેખનીય છે કે શહેરભરમાં ઘરે-ઘરેથી કચરો ઉઘરાવવા અંગે પાલિકા દ્વારા કોન્ટ્રાક્ટ અપાયો છે અને કોન્ટ્રાક્ટર દ્વારા ઉચ્ચક પગાર પર સફાઈ કર્મીઓને રાખવામાં આવ્યા છે. ૨૫૦ જેટલા સફાઈકર્મીઓ વાન દ્વારા ઘરે-ઘરેથી કચરો એકત્ર કરી નિયત સ્થળે કચરો ભરેલી વાન ખાલી કરે છે. કોન્ટ્રાક્ટ પરના આવા પ્રત્યેક કર્મચારીઓને રૂપિયા ૫૦૦૦થી ૮૦૦૦ સુધીનો જુદો-જુદો પગાર આપીને ભેદભાવ કરાય છે. સફાઈ કર્મીઓને છેલ્લા બે માસનો પગાર અને બોનસ હજી સુધી આપવામાં આવ્યા નથી. આ અંગે અગાઉ રજૂઆતો પણ કોન્ટ્રાક્ટર સમક્ષ કરવામાં આવી છે. મૂંગે મોઢે કામ કરનાર કર્મી પૈકી જો કોઈ કોન્ટ્રાક્ટ કર્મી. પોતાની તકલીફો અંગે રજૂઆત કરે તો તેમને કાઢી મૂકવામાં આવતા હોવાનો આક્ષેપ કરવામાં આવ્યો છે.




## ન્યૂઝ ઓફ ગાંધીનગર દૈનિક સાહિત્ય સરિતા- આયોજક : પ્રદીપ રાવલ




**NOG* *SS* *No.* *0185.***
વિષયઃ- મનગમતી રચના
શીર્ષકઃ- સત્યમ્ શિવમ્ સુન્દરમ્
પ્રકારઃ- પદ્ય શબ્દ સંખ્યાઃ- ૯૩

સાહેલિયોની વાડીએ સવાલ પૂછાયો હતો,
કહો તો.. છે કોણ જગતે શ્રેષ્ઠ સુંદરતમ?,

પુછાયો હતો સવાલ ગૃપની માનૂનીને જરા,
પડ્યા વિટંબણાએ ચૂપ રહ્યા માનૂની જરા,

સવાલ કર્તા શ્રી એચ.કે.એલ ભગતે કહ્યું,
'કોણ હોઈ શકે સુંદર મારા સિવાય' કહો,

હું અંશ છું ઈશ્વરનો જ વિચરૂ અવનીએ,
ઈશ્વર બ્રહ્માંડનું સુંદરતમ રૂપ અવનીએ,

મનના સુસંસ્કારોએ અંદર સુદંરતા રચાય,
માણસાઈની વિશાળતાએ સુકર્મો રચાય,

દેહની સુંદરતાએ ક્ષણે ક્ષણે ક્ષીણ થવાય,
આત્માની સુંદરતાએ સત્યમ્-શિવમ્ થવાય,

સત્યના વલોણાએ વિશ્વે સત્ય ઉભરાય,
સત્યની સુંદરતાએ સુસંસ્કારો જ સર્જાય,

સત્યની સુંદરતાએ તું તારો ગુરૂ થતો જા,
"ઝરૂખા" સત્યે શિવમ્ સુન્દરમ્ થતો જા.

-દિલીપ સી. સોની "ઝરૂખો"

★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★

**NOG SS No. 374**
ટૂંકી વાર્તા : ગાભાની ગોદડી.

ગાભાની ગોદડી............ ??
છેલ્લા ૧૫ વર્ષથી માને શહેરમાં લાવ્યા પછી તમને તમારા વતન તરફ મોઢું કરવાનો સમય મળ્યો ન હતો. આજે માના અંતિમસંસ્કાર પછી તમારું મન વળી વળીને માદરે વતન તરફ ખેંચાયા કરતું હતું. મનોમન નક્કી કર્યું કે માની ઉત્તરક્રિયા પછી એક વખત વતનના ઘરે આંટો મારી આવો. મોડી રાત્રે સગા સંબંધીઓ, મિત્રવર્તુળ વિખરાયા પછી તમે પથારીમાં પડતાં જ ઘસઘસાટ ઊંઘી ગયા. ઊંઘમાં સ્વપ્નમાં સરી પડેલ તમે તમારા બાળપણના દિવસો અને એ ધૂળિયા માદરે વતનમાં પહોંચી ગયા. તમારી પાંચ-સાત વર્ષની ઉંમરે પિતાની છત્રછાયા ગુમાવી હતી તે દિવસો યાદ આવ્યા. તમારી માતાના વિશાળ ભાલ પ્રદેશ પરથી ભુસાતો કોરા કંકુનો ચાંદલો અને બંગડીઓ ફોડવાનો કર્કશ અવાજ તમારા હૃદયમાં કાચની કણીની જેમ ખૂંચવા લાગ્યો ને પછી મા ધડામ લઈને પડી બેહોશ થઈ હતી,તે ઘટના યાદ આવતાં જ તમે સ્વપ્નમાંથી હાંફળાફાંફળા જાગી હિબકે ચડ્યાં. તમારા હીબકાંથી જાગી ઊઠેલ તમારી પત્નીએ તમારા માથાપર પ્રેમથી હાથ ફેરવતાં તમે ધીરે ધીરે શાંત થઈ બાળપણના માની સાથેના સંસ્મરણો પત્નીને નિતરતી આંખે સંભળાવવા લાગ્યા. બાળપણમાં રમીને ઘરે આવતાં ત્યારે તમારા પરસેવે નિતરતા ધૂળવાળા કપાળ પર માં જે હેતથી બચી ભરતી તે યાદ આવ્યું. તમારી જરૂરિયાત અને જીદ સંતોષવા માએ કેવી કપરી પરિસ્થિતિઓમાં જીવન પસાર કરેલ તે ભૂતકાળ તમારી સમક્ષ ઊભો થયો. માએ તમારા ખાતર કરેલ શરીર તોડી નાખતી મજૂરી યાદ આવી. માની તનતોડ મજૂરીના પરસેવાનું એક એક બુંદ તમારા માટે અમૃત સમાન સાબિત થયું અને આજે તમે શહેરના ધનાઢ્ય લોકોની યાદીમાં મોખરાનું સ્થાન ધરાવતા હતા. આ બધીજ યાદો એક સાથે તમારા માનસપટ પર ઊભરી આવી. વતનનું ઘર આજે બહુ જ યાદ આવતું હોવાનું તમારી પત્નીને કહ્યું,પત્નીએ દિલાસો આપતા તમે ઠરી ઠામ થઈ સૂઈ ગયા. માની ઉત્તરક્રીયા પતાવી પત્ની સાથે તમે વતન પહોંચી તમારા છેલ્લા પંદર પંદર વરસથી ન ખુલેલા ઘરનું તાળું ખોલી સીધા જ લાકડાના કબાટમાં મા એ બાળપણમાં તમારા માટે પોતાના હાથથી બનાવેલી "ગાભાની ગોદડી" કાઢી જાણે બચપણમાં માને જે રીતે બાથ ભરતાં હતાં એ રીતે બાથ ભરી ત્યાં જ ઊભા રહી ગયાં. વતનથી પાછા ઘરે આવ્યા પછી રાત્રે તમારા લક્ઝરીયસ ગાદલાં પર માના હાથથી બનાવેલી એ ગાભાની ગોદડી પાથરેલી જોઈ તમે આનંદવિભોર થઈ ગયાં.??

"શ્યામ"
ઘનશ્યામસિંહ ડાભી ભરુચ

★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★

**NOG SS No : 188**
વિષયઃ મન પસંદ રચના
શીર્ષક : " હા-ના કે અથવામાં "
પ્રકારઃ પદ્ય, શબ્દઃ ૬૯

ઈશ્ક છે પડદામાં ને સુંદરતા પણ પડદામાં;
એક નામ રહે છે સતત હૃદયના પડઘામાં;

કર જાહેર ખુદને, કાં પછી મને જાહેર કર!
ક્યાં સુધી રહેવું મારે? હા-ના કે અથવામાં;

છે ઈશ્ક તો કર કબુલ, ના રહે અસમંજસ!
સારું નથી ફસાવું, દિલ ને દિમાગના ડખામાં;

પલળ્યો કાયમ એકલો વરસતા વરસાદમાં,
ગમશે ભીંજાવું તારી સાથે ઝરમર વર્ષામાં;

પ્રતીક્ષા છે આજ પણ મને તારા આવવાની,
હર ઘડી સાચવી છે "વ્યોમ" મેં ગજવામાં;

?... વિનોદ. મો. સોલંકી "વ્યોમ"
જેટકો (જીઈબી), મુ. રાપર.

★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★

**NOG SS NO 223**
વિષય :- મનગમતી રચના
શીર્ષક :- મારા શબ્દો
પ્રકાર :- પદ્ય શબ્દ :- ૧૫૮

મારા શબ્દો...
આ મારા શબ્દો એ મારા જ નથી, પણ અનુભૂતિનો એક અહેસાસ છે.

તને સમજાય શબ્દો એટલે,
મારે આવવું પડ્યું છે શબ્દો સુધી.

સારું થયું કે મને શબ્દો મળ્યા,
જે પહોંચે તારા સુધી.

હું તો મૌન પણ,
પ્રગટવું પડે શબ્દો સુધી.

હું તો નિરાકાર પણ,
આવવું પડે શબ્દ આકાર સુધી.

હું તો સંકેત પણ,
સમજાવવું પડે શબ્દો સુધી.

હું તો અનંત આકાશ પણ,
આવવું પડે ધરતી સુધી.

હું તો અદ્વૈત એક પણ,
તને મળતા થવું પડે દ્વૈત અનેક સુધી.

હું તો સૂરજ એક પણ,
કિરણ બની પહોંચું ધરતી સુધી.

હું તો અનંતનો યાત્રી પણ,
સંધ્યા થતા પહોંચ્યો આ મુકામ સુધી.

હું તો અસીમ અનંત પણ,
તો યે થયો સીમાબદ્ધ તારા સુધી.

હું તો ભવસાગરે પ્રારબ્ધ વશ, વહ્યો સ્નેહ સમર્પણની ધારા બની તારા સુધી.

હું તો હવે હું ક્યાં રહ્યો? તું ક્યાં છો તું?
હું-તું છોડી પહોંચ્યા પરમ સ્વરૂપ સુધી...

નામ : દેવેન્દ્ર આચાર્ય

★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★

**NOG SS NO.356**
વિષયઃ મનગમતી રચના
શીર્ષકઃ કુદરત. શબ્દ : ૧૦૬

ઉગતો સુરજ, જાગતો કિલ્લોલ દરેક માળે,
સોનેરી સવાર, સદા બહાર ઝુલે અનેક ડાળે.

ખુશ્બુ ભરી મ્હેક, કરતી ચહેલ-પહેલ ચોમેર,
રંગો ભરી ધરા, દીસે નભ જાણે અડકે ચોમેર.

જુઓ દરેક જીવને, અવનવા રંગ ને આકાર,
સર્જક આ જગનો, અકલ્પનીય છે કલાકાર.

રવી ડૂબે ને શશી ચમકે, તારાઓની હારમાળ,
પૂજા પથ્થરની થાય, એ જ આપણો રખેવાળ.

મનુષ્ય, જીવ-જંતુ, પશુ-પક્ષી ને પ્રાણીમાં વસે,
કુદરત ની કમાલ એવી જાણે દરેક ના હૈયે હસે.

જન્મ-મરણ નક્કી કરે, આપે અલગ આકાર,
રંગ, રૂપ ભરે અલગ, હોય પોતે તો નિરાકાર.

શકિત માપવા ખુટતા, શબ્દો 'સુરીલી' તારા,
કુદરત ને સમજવા મથે જીવ જગતના સારા.

નામઃ સુમિતા હીરપરા 'સુરીલી' વડોદરા

★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★

**N, O. G. S. S. No. 0102.**
વિષયઃ- મનપસંદ રચના.
શીર્ષકઃ- પ્રાર્થના.
શબ્દ :- ૧૫૫. ગદ્ય લેખ

હે ભગવાન દ્વારકાધીશ, હે સર્વ શક્તિમાન ઈશ્વર આ નવા વર્ષથી શરૂ થતા જગતના તમામ લોકોને એવા આશીર્વાદ દે કે જેનાથી સુખ, શાંતિ અને સમૃદ્ધિમાં વધારો થાય.

આ દુનિયાનાતમામલોકો ,પ્રાણી, પશુ જીવન, તમામ દુઃખી છે. તેના ઉપર કૃપા વરસાવો. હે પ્રભુ કુદરતી આફતો, વરસાદ, પવન વાવાઝોડા, જ્વાળામુખીના ફાટવાના સંજોગો ઊભા થવા . આ તમામમાં માનવજાતનું નિકંદન નીકળે છે અને લોકો ભારે દુઃખી થાય છે.

દુનિયાના જુદા જુદા દેશોના વચ્ચે થતા યુદ્ધ. માણસ પોતાના હાથમાં અણુ બોમ્બ રાખી અને માનવનું નિકંદન કાઢવા તૈયાર થયો છે. લાખો લોકોના મૃત્યુ થયા છે અને છતાંય આ યુદ્ધનો કોઈ અંત આવતો નથી. આતંકવાદી પ્રવૃત્તિએ દુનિયાના લોકોને હેરાન પરેશાન કર્યા છે . માનવજીવનમાં રહેલા અહંકાર ક્રોધ વગેરેને કારણે સામાન્ય નિર્દોષ લોકો અને પશુ પંખીઓ અને તમામ જીવો હેરાન પરેશાન થઈ રહ્યા છે . પ્રભુ આવા લોકોને સદબુદ્ધિ આપો તેઓ પોતાની આ પ્રવૃત્તિઓ અટકાવે અને માનવજીવનના સુખ શાંતિ માટેની કોઈ સુંદર પ્રવૃત્તિ કરી અને લોકોનું કલ્યાણ કરે એવી પ્રાર્થના.

રતીલાલ વાયડા

★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★

**NOG SS No. 372**
વિષય : મનગમતી રચના
શીર્ષક : અરીસામાં મને
શબ્દો : ૩૫ પદ્ય

હું-
ધરાઈ ધરાઈને જોવું છું,
અરીસામાં મને;

હું-
ઘૂંટી ઘૂંટીને પીવું છું,
અરીસામાં મને;

હું-
ગુલાબ તરફ ઢળું છું,
અવિચારીપણે;

હું-
એક શૂળ ભોંકાતી જોવું છું,
અંગૂલી કને;

હવે હું-
બદલાયેલો જોવું છું,
અરીસામાં મને...!

-સંજય બી. મહેતા.
"પરિમલ"

★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★

**NOG SS No. 347**
વિષયઃ- મનપસંદ રચના.
શીર્ષકઃ- અંતિમ સત્ય જીવનનું.
શબ્દોઃ- ૫૯. પ્રકારઃ- પદ્ય

વહેતો જાય છે સમય મૂલ્યવાન,
છૂટતું જાય છે ઘણુંય પાછળ!
જોતો રહે છે માનવી સપનાંઓ ઘણાં,
આમ કરીશ જીવનમાં ને તેમ કરીશ!
ભૂલી જાય છે એ કે જીવન તો અનિશ્ચિત,
ક્યારે આવી જાય મૃત્યુ ને રહે સપનાંઓ અધૂરાં!
જોવા સપનાં મર્યાદિત, પતે એક પછી જ બીજું,
ન રહેશે અફસોસ વધારે મૃત્યુ સમયે!
અંતે તો મૃત્યુ જ જીવનનું અંતિમ સત્ય!!!

સ્નેહલ જાની..સુરત

★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★

**NOG SS No 351**
વિષયઃ મનપસંદ
શબ્દઃ૧૧૦. પ્રકારઃ પદ્ય
પ્રાર્થના

ત્વમેવ માતા ચ પિતા ત્વમેવ ત્વમેવ બંધુશ્ચ સખા ત્વમેવ ।

ત્વમેવ વિધા દ્રવિણં ત્વમેવ ત્વમેવ સર્વ મમ દેવ દેવ ॥

રોજ રોજ કરું વિનંતી તુજને ....ઓ પ્રભુ
તમારી પાસે કંઈક ને કંઈક માંગુ(૨)... ઓ પ્રભુ
કોઈ ભૂલ, વાંક, કે ગુનાની હું માંગુ માફી.... ઓ પ્રભુ
ગુસ્સાથી ભરેલો હું ,શાંતિ માંગુ ....ઓ પ્રભુ
મારા વિચારોને નિર્મળ શાંતિ આપજો.... ઓ પ્રભુ
લાલચ મારી ટાળ જે..... ઓ પ્રભુ
તમને ચાહું, ના ભૂલું .....ઓ પ્રભુ
ભટકું ના મારો સત્યનો માર્ગ.... ઓ પ્રભુ
મારા નયનો મા વસો .....ઓ પ્રભુ
મારા અસ્તિત્વની ગરિમા, મા રાખો..... ઓ પ્રભુ
મસ્તક પર સદાય તારો હાથ.... ઓ પ્રભુ
પ્રેમનું નિવેદન સ્વીકારો... ઓ મારા પ્રભુ
પરમ પરમેશ્વર તુજ ચરણોમા પ્રીત રાખું.....ઓ પ્રભુ
જયશ્રી વાઘેલા ( મુંબઈ )

# મંદિરમાં દેવ નિયોજનથી મંદિર મંદિર થઈ ગયું!!!

ભગવાનની બાબતમાં આપણે ધમધોકાર નસીબદાર છીએ. વેદકાળથી સૂરજ, ચંદ્ર, તારા, નદી, સાગર, વરૂણ, વૃક્ષોની પૂજા અર્ચના કરીએ છીએ. આપણે ભગવાનની બાબતમાં વિશાળતમ દિલ ધરાવીએ છીએ. વિષ્ણુના જ અવતારનું ઉદાહરણ ઉલ્લેખનીય છે. મત્સ્ય, કૃમિ, વરાહ વગેરે પ્રાણીઓને વિષ્ણુના અવતાર માન્યા છે. સાપ પણ ગોગાબાપા તરીકે પૂજાય છે. હદ ત્યાં છે કે શીતળા જેવા જીવલેણ રોગને પણ માતા ગણી પૂજન કરીએ છીએ. ગરૂડ ભગવાન વિષ્ણુનું વાહન છે. તેથી મહાદેવની સાથે પોઠિયો પૂજાય તેમ ગરૂડની પણ પૂજા થાય છે. ગણપતિનું વાહન મૂષક, સરસ્વતીમાનું વાહન મોર પણ પૂજય છે. દેવીઓ તો એટલી છે કે વાત ન પૂછો!!

શૈશવમાં એક કવિતા આવતી હતી તેનું સ્મરણ થાય છે.'' ગણ્યા ગણાય નહીં વિણ્યા વિણાય નહીં તો પણ મારી છાબડીમાં માય!'' મૂળે તારા માટેની વાત કનિતાના કેન્દ્રસ્થાને છે.પણ એ વાત ભગવાનને પણ એટલી જ લાગુ પડે છે!! આપણે ત્યાં તેત્રીસ કરોડ દેવતા હોવાનું અનુમાન છે. કેટલાક લોકો તેને અતાર્કિક કહે છે. આ વિદ્વાનોના મત મુજબ તેત્રીસ પ્રકાર -કોટિ દેવ છે!! સાચું રહું તો આ વિષય શ્રધ્ધા ,આદર,આધ્યાત્મિકતા, માન્યતાનો છે. આપણે ત્યાં એવું પણ કહેવાય છે કે તુંડે તુંડે મતિ ભિન્ના!! આમાં મારી ચાંચ ડૂબતી નથી!! ( હું ધૂવડ કે કાગ ભૂશંડી છું તેવો મતલબ કરવો નહીં.)

આપણે કંકર એટલા શંકર પૂજીએ છીએ. આપણને ભાર્યા વિના ચાલે છે પણ ભગવાન વિના ચાલતું નથી આપણી ગમે તેને ભગવાન માની પૂજવાની મનોવૃત્તિ પર અખો ચાબખા મારતા કહે છે એક મૂર્ખને એવી ટેવ, પથ્થર એટલા પૂજે દેવ.દયાનંદ સરસ્વતીના સંસારભિનિષ્ક્રમક્ષની કહાની પણ શિવરાત્રિની રાતે શિવલિંગ પર ઉંદર ફરતા જોયા એટલે મૂર્તિ પુજા પર વિશ્વાસ ઉઠી ગયેલો .મજાકમાં એવું પણ કહેવાય છે કે દાતણ તરતા દુખ ઉપજે, વાગ્યે નખ્ખોદ જાય , ટીલાટપકા જે કરે તેનું જડામૂળથી જાય!!

ભારત જેમ વસ્તિથી ફાટફાટ થાય છે તેમ અમારું મંદિર પણ ફાટફાટ થાય છે. વિવિધતામાં એકતા અને એકતામાં વિવિધતા અમારા મંદિરમાં જોવા મળે છે. મહાદેવ પણ મળે અને મિયા પણ મળે. મૂર્તિ , ફોટા,યત્રોને આવું બધું કાંઈક. ફોટાની આગળ અને ફોટાની પાછળ ફોટા. લગભગ દસ જાતની માતાની મૂર્તિ-ફોટા. દ્વાદશ જ્યોર્તિલિંગ અને થોડાંક મહાદેવના ફોટા. હનુમાનજી પણ ડઝનેક ખરા. કમળા મા અને લક્ષ્મી માતાજી વિના મંદિરનો વૈભવ પૂરો થાય ખરો? રક્ષા પોટલી, માદળિયા, તાવીજ, મંત્રેલા દોરા ધાગા, સંતના પગલા , શ્રી યંત્ર , ગંગોત્રીની પવિત્ર માટી, કાબાની માટી આબે ઝમઝમ, મોરપીંછ , બાબાજીના નખ, તાંત્રિક બાબાએ આપેલ વશીકરણનું કંકુ, ચલણી સિક્કા . કેટલું વિસ્તૃત મંદિર રાજ્ય . કોમી એખલાસ એટલે કહેવું પડે, હોંકે. કોઈ અનિચ્છનીય બનાવ નહીં . દેવોએ રાતવરત માતાજીને છેડતી કર્યાનો બનાવ પણ પોલીસ ચોપડે નોંધાયેલો નહીં.સતા કે ખુરશીની સાંઠમારી નહીં. કોઈ દેવ કરોડો લઈને અંતરાત્માના અવાજ મુજબ વિકાસના હાથ મજબુત કરવા દેવપલટો પણ ન કરે!!! ટુંકમાં વસુધૈવ કુટુંબકમ દુનિયામાં સાર્થક થાય કે ન થાય પણ અમારું મંદિરિયું એટલે તીર્થગામ, પાવનગ્રામ, સમરસ ગામ!!

અમારા ઘરમાં આટલા દેવ દેવી હતા પણ અમારા જીવનમાં યશ, ઐશ્રર્ય , બરકત, ગ્રોથ ન હતો. એમને થયું કે પચાસ વારની વન બીએચકે ફલેટનું વાસ્તુદેવ શું ઉખાડી લે . વાસ્તુદેવ, વાસ્તુશીસ્ત્ર સંપન્ન માણસોની લકઝરી છે. પહેલા વરસોના વરસો આપણે પુસ્યનક્ષત્રનું નામ સાંભળેલ નહીં, હવે દર મહિને જવેલર્સના વ્યાપાર વૃધ્ધિ માટે પુષ્ય નક્ષત્ર માન ન માન મેં તેરા મહેમાનની માફક ટપકી પડે છે. એટલું તો ચૂંટાયેલો ધારાસભ્ય મતવિસ્તારમા ફરકતો નથી.

અમે જાતજાતના ઉપાયો પછી વાસ્તુબાબાના શરણે ગયા. એ બારમું નાપાસ થયા પછી વાસ્તુશાસ્ત્રના શરણે ગયો. જુની અટક છોડી નાણાવટી જેવી હેવી સરનેઈમ ધારણ કરેલી.એ કશુંક મશીન અને કંપાસ લઈને આવેલો.મશીનમાં ગમે ત્યારે લાલ લાઈટ થવા માંડે. મેચ ફિકસિંગ જેવું નહીં હોય ને એવો સવાલ પણ મનમાં ઉદ્ભવ્યો!! એણે કહ્યું તમારા ઘરમાં નેગેટેવિટી વધારે છે. જયાં મકાનનું બ્રહ્મ સ્થાન પર સીડી હોવાથી વાસ્તુ દોષ છે. ઘરના ઈશાન ખૂણામાં પાણીની ટાંકી કે શૌચાલય ન હોવું જોઈએ. કિચન પૂર્વ-ઉતરમાં હોય તે વાસ્તુદોષ છે. મંદિર ખોટી દિશામાં છે. મંદિરમાં એક જ ગણપતિ હોવા જોઈએ. હનુમાનજી અને માતાજી વચ્ચે સોશિયલ ડિસ્ટન્સ નથી. તાવીજ અને માદળિયા વચ્ચે કોમ્યુનલ કોન્ફલિકટ છે.! રામ પંચાયતમાં રામ ભગવાન, સીતામાતાજી, લક્ષ્મણષજતિ છે. હનુમાનજી છે. પછી અલગથી હવુમાનજીને માનભેર વિદાય કરી દો. ટુંકમાં વાસ્તુશાસ્ત્રીએ બુલડોઝર ચલાવ્યું. અમે બે અમારા ચાર દેવ. દેવ નિયોજનથી મંદિર મંદિર જેવું થઈ ગયું!!! ભરત વૈષ્ણવ

# ગાંધીનગર ડેપોની આવક વધી:દિવાળીના તહેવારમાં મુસાફરોના ધસારાને પહોંચી વળવા એક્સ્ટ્રા ૧૭૬ બસો દોડશે, એડવાન્સ બુકિંગમાં પાંચ લાખની આવક નોંધાઈ



દિવાળીના તહેવારોને ગણતરીના દિવસો બાકી રહ્યા છે ત્યારે દાહોદ, ગોધરા, ઝાલોદ, ફતેપુરા, બારીયા, અમરેલી, સૌરાષ્ટ્ર, કચ્છ તરફના મુસાફરોના ધસારાને પહોંચી વળવા માટે એસ.ટી તંત્ર દ્વારા વધારાની બસો દોડાવવા આયોજન કરાયું છે. જે અન્વયે એસ.ટી તંત્ર દ્વારા ત્રીજી નવેમ્બર સુધી ગાંધીનગરથી એક્સ્ટ્રા ૧૭૬ બસો મુસાફરોની સુવિધા અર્થે દોડતી કરાશે. જ્યારે નિયમિત અને એક્સ્ટ્રા બસોમાં એડવાન્સ બુકીંગ ફૂલ થઈ જતા પાંચેક લાખની આવક થઈ ચૂકી હોવાનું સૂત્રોનું કહેવું છે.

રાજય માર્ગ વાહન વ્યવહાર નિમગ દ્વારા દિવાળી દરમિયાન દાહોદ, ગોધરા, ઝાલોદ, ફતેપુરા, બારીયા, અમરેલી, સૌરાષ્ટ્ર, કચ્છ તરફના મુસાફરોના ધસારાને પહોંચી વળવા માટે વધારાની ટ્રીપો દોડાવાશે. સરકારી નગરી ગણાતા ગાંધીનગરમાં પણ મુસાફરોના ધસારાને ધ્યાને લઈ એક્સ્ટ્રા બસો દોડાવવાનું નક્કી કરાતા ત્રીજી નવેંબર સુધી એડવાન્સ બુકીગ થઈ ચૂક્યું છે.

ગાંધીનગર ડેપોથી ૨૭મીએ ૧૫ બસ, ૨૮મીએ ૩૬ બસ, ૨૯મીએ ૪૦ બસ, ૩૦મીએ ૪૫ બસ ,જ્યારે ૩૧ઓક્ટોબરે ૧૫ બસ અમદાવાદ ખાતે મોકલી અપાશે.જ્યારે ૧ અને ૨ નવેમ્બરે ૫-૫ તથા ૩ નવેમ્બરે ૧૦ વધારની બસો દોડાવાશે. એજ રીતે ગાંધીનગરથી પણ દિવાળીને લઈને વધારાની બસો દોડાવામાં આવશે. જેમાં રાત્રે ૯:૧૫ કલાકે ગાંધીનગરથી પોરબંદર, ૭.૩૦ કલાકે પોરબંદરથી ગાંધીનગર, રાત્રે ૮ કલાકે ગાંધીનગરથી સોમનાથ, સાંજે ૬ કલાકે સોમનાથી ગાંધીનગર, રાત્રે ૮:૩૦ કલાકે ગાંધીનગરથી ઉના, રાત્રે ૮ કલાકે કિષ્નનગરથી સાવરકુંડલા માટે બસો દોડાવાશે.

વધારાની બસો સહિત રેગ્યુલર બસો માટે ઓનલાઈન બુકિંગ થઈ રહ્યાં છે. સોમનાથ જતી બસ ૨૬થી ૩૦ ઓક્ટોબર સુધી ફૂલ થઈ ગઈ છે. જ્યારે પોરબંદર જતી બસો પણ પેક થવાના આરે છે. ૨૮થી ૩૦ ઓક્ટોબર દોડનારી ગાંધીનગર-ઉના બસમાં બુકિંગ ફૂલ થઈ ગયું છે. જ્યારે ક્રિષ્ણનગરથી સાવરકુંડલા બસમાં મોટાભાગના સીટો બુકિંગ થઈ ગઈ છે. ઉલ્લેખનિય છે કે ગત વર્ષે ગાંધીનગર ડેપો દ્વારા આઠ દિવસમાં કુલ ૭૨,૧૨૬ કિલોમીટરના ફેરા કરાયા હતા. જેમાં ૧૦,૫૧૨ જેટલા મુસાફરોએ લાભ લેતા ડેપોને ૨૧.૫૧ લાખ જેટલી આવક થઈ હતી.






**પેથાપુર ખાતે સજરી પાર્ક વિસ્તારમાં જાહેર જનતા માટે નીઃશુલ્ક આંખની તપાસ કરવા માટેના કેમ્પનું આયોજન કરવામાં આવ્યું હતું. આ આયોજન યૂથ કોંગ્રેસના જનરલ સેક્રેટરી અને સમગ્ર સુન્ની મુસ્લિમ જમાતના પ્રમુખ યુનુસભાઈ યુસુફભાઈ પરમાર દ્વારા કરવામાં આવ્યું હતું . તેજ આઈ સેન્ટર ગાંધીનગર દ્વારા ની;શુલ્ક આંખની તપાસના કેમ્પમાં સેવા આપવામાં આવી હતી. આ સમગ્ર કેમ્પનો મોટી સખ્યામાં લોકોએ લાવો મેળવ્યો હતો**




**મલાડમાં મૂક બધિર બાળકો માટેની ઈન્ટરેક્ટ કોશિશ ક્લબ ખાતે ડૉ. મધુબાલા ચિંચલકર, રોટરીયન રીમા વાહી, ભૂતપૂર્વ પ્રમુખ સુનીતા હિર્લેકર દ્વારા બાળકોને આરોગ્યપ્રદ ભોજન, વિટામિન, પ્રોટીનના લાભ અને જંક ફૂડના નુકસાન અંગે જાણકારી અપાઈ હતી. મૂક બધિર બાળકોને સલાડ બનાવતા શિખવાડ્યું હતું.**

# માર્ગ બે દિવસ માટે બંધ રહેશે:ઘ-૫ સર્કલ પર બંને તરફનો માર્ગ આજથી બે દિવસ માટે બંધ રહેશે

અમદાવાદ- ગાંધનગર મેટ્રો રેલ પ્રોજેક્ટના બીજા તબક્કાની મેટ્રો રેલ સેવા શરૂ કરવા યુદ્ધના ધોરણે કામગીરી ચાલી રહી છે. હાલ સેક્ટર-૧ મેટ્રો સ્ટેશનથી મહાત્મા મંદિર સુધીનો રૂટ તૈયાર કરવાનું કામ ચાલી રહ્યું છે. તે દરમિયાન ઘ-૫ સર્કલ પર સ્ટીલનો ગર્ડર મૂકવાનો હોવાથી ઘ-૫નો બંને તરફનો રસ્તો શનિ અને રવિવાર દરમિયાન વાહન વ્યવહાર માટે બંધ રાખવામાં આવશે. અધિક જિલ્લા કલેક્ટર દ્વારા આ મામલે જાહેરનામુ બહાર પાડવામાં આવ્યું છે. ઘ-૫ તરફ આવતા બંને તરફના વાહનોને વૈકલ્પિક રૂટ પર ડાયવર્ટ કરવામાં આવશે.હાલ રોડ નં. ૫ પર મેટ્રો સ્ટેશન બનાવવાની કામગીરી માટે બે સ્થળોએ ટ્રાફિક માટે માર્ગ બંધ કરવામાં આવ્યો છે. હવે ઘ-૫ સર્કલ પાસે બંને તરફનો ટ્રાફિક બંધ કરવામાં આવશે. તા. ૨૬મીએ સવારે ૬ વાગ્યાથી ૨૭મીએ રાત્રે ૧૨ વાગ્યા સુધી આ રસ્તો બંધ રહેશે. વાહનચાલકો માટે નિયત કરાયેલા ડાયવર્ઝન મુજબ ઘ-૬ તરફથી આવતા વાહનો સેક્ટર-૨૨ આયુર્વેદિક દવાખાના તરફથી ચ-૫ તરફ જઈ શકશે અથવા સેક્ટર-૧૭માં થઈને ઘ રોડ પર પ્રવેશ કરી શકશે. અથવા સેક્ટર-૨૩માં ગુરૂકુલ સ્કૂલ પાસેથી થઈ સેક્ટર-૧૬માં ખાણીપીણી બજાર પાસેથી ઘ-૪ તરફ જઈ શકશે.

મેટ્રોની કામગીરી કરી રહેલી આ કંપનીઓને ડાયવર્ઝનના રૂટ પર સાઈન બોર્ડ મૂકવા તથા ટ્રાફિક નિયમનની કામગીરી થઈ શકે તે માટે ટ્રાફિક માર્શલો મૂકવા પણ સૂચના આપવામાં આવી છે. ડાયવર્ઝનને કારણે અકસ્માત ન સર્જાય તેની તકેદારી રાખવા અને વાહનચાલકોને સરળતાથી ક્યા રસ્તેથી જવું તેનો ખ્યાલ આવી શકે તે માટે યોગ્ય સાઈનેજીસ, બેરીકેટ મૂકવા કહેવામાં આવ્યું છે. વીવીઆઈપી મૂવમેન્ટ વખતે જો રસ્તો ખુલ્લો કરવાનો થાય તો પોલીસના જણાવ્યા પ્રમાણે તાત્કાલિક રસ્તો ખોલી શકાય તે પ્રમાણેની કામગીરી કરવા સૂચના અપાઈ છે.

### ગાંધીનગરમાં દિવાળીના દિવસે યોજાનાર

# રન ફોર યુનિટી દોડમાં ૫ હજાર લોકોને જોડવાનો લક્ષ્યાંક નક્કી કરાયો




ગાંધીનગરમાં ૩૧ ઓક્ટોબર એટલે કે દિવાળીના દિવસે સેન્ટ્રલ વિસ્ટા ખાતે રન ફોર યુનિટી દોડનું આયોજન કરવામાં આવ્યું છે. જેને લઈને કલેકટરની અધ્યક્ષતામાં યોજાયેલી બેઠકમાં ચાર પાંચ હજાર લોકોને જોડવાનો લક્ષ્યાંક રાખવામાં આવતા તહેવારોમાં અધિકારો પણ અવઢવમાં મુકાઈ ગયા છે.૩૧ ઓક્ટોબરના રોજ સરદાર પટેલ જયંતિ નિમિત્તે દર વર્ષની જેમ આ વર્ષે પણ 'રન ફોર યુનિટી'નું સુચારું આયોજન કરવા ગાંધીનગર જિલ્લા કલેક્ટર મેહુલ દવેની અધ્યક્ષતામાં બેઠક યોજાઈ હતી. આ બેઠક અંતર્ગત કલેકટર દ્વારા ૩૧ ઓક્ટોબરના રોજ દિવાળીનો તહેવાર હોવાથી વિશેષરૂપે આ કાર્યક્રમનું આયોજન સુચારું રૂપે કરાય તેનું ધ્યાન રાખવા જિલ્લા અધિકારી, પદાધિકારીઓને જરૂરી સૂચન કરવામાં આવ્યું છે.

ઉલ્લેખનીય છે કે, ગાંધીનગર જિલ્લા વહીવટી તંત્ર તથા ગાંધીનગર મહાનગરપાલિકાના સંયુક્ત ઉપક્રમે યોજાનાર 'રન ફોર યુનિટી' કાર્યક્રમ અંતર્ગત સેન્ટ્રલ વિસ્ટા ખાતે થઈ રહેલા આયોજનમાં ગાંધીનગરના ચારથી પાંચ હજાર લોકોને જોડવાનો લક્ષ્યાંક છે. જેને લઈ અધિકારી કર્મચારીઓ પણ અવઢવમાં પડી ગયા છે.

ઉલ્લેખનીય છે કે ૨૦૧૨ થી 'રન ફોર યુનિટી' નો કાર્યક્રમ યોજાઈ રહ્યો છે. ગાંધીનગર જિલ્લામાં આ કાર્યક્રમ આ વર્ષે પણ સૌના સહયોગથી એકતા દોડનું શ્રેષ્ઠ પ્રદર્શન થાય તેવી આશા તંત્રને છે. પરંતુ શૈક્ષણિક સંસ્થાઓમાં દિવાળી વેકેશન પડી ગયું છે. એવામાં ચાર પાંચ હજારની મેદની રન ફોર યુનિટી દોડમાં જોડવા તંત્રના બાબુઓ ચિંતામાં મુકાઈ ગયા છે.

# તમામ સભ્યે દરખાસ્તમાં સહી કરી : આમજાના ડે. સરપંચ સામે અવિશ્વાસની દરખાસ્ત પસાર

માણસા તાલુકાના આમજા ગામના ડેપ્યુટી સરપંચ વિરુદ્ધ તમામ સભ્યોએ સામાન્ય સભામાં અવિશ્વાસની દરખાસ્ત મૂકી ઠરાવ કર્યો હતો. જે અનુસંધાને આજે પંચાયત કચેરીમાં મળેલી મિટિંગમાં દરખાસ્ત પર મતદાન કરવામાં આવ્યું હતું. જેમાં તમામ સભ્યોએ ઉપસરપંચને દૂર કરવા માટે સહી કરતા આ દરખાસ્ત બહુમતીથી પસાર થતાં ઉપ સરપંચને હોદ્દા પરથી દૂર થવાનો વારો આવ્યો છે.તાલુકાના આમજા ગ્રામ પંચાયતની ચૂંટણી બાદ સરપંચ તરીકે નાથીબેન કાંતિલાલ પટેલ અને ઉપસરપંચ તરીકે રસિકભાઈ કાળાભાઈ પરમાર હોદ્દો સંભાળ્યો હતો. ત્યારે દોઢ વર્ષ અગાઉ સરપંચ વિરુદ્ધ અવિશ્વાસની દરખાસ્ત આવી હતી, પરંતુ તે વખતે ના મંજૂર થઈ હતી. પરંતુ આ વખતે ત્રણ ઓક્ટોબરે પંચાયતના ચૂંટાયેલા સભ્યોની મળેલી સામાન્ય સભામાં ઉપસરપંચ રસિકભાઈને હોદ્દા પરથી દૂર કરવા માટે અવિશ્વાસની દરખાસ્ત રજૂ કરી તે માટેનો બહુમતીથી ઠરાવ કરવામાં આવ્યો હતો.તે બાબતની જાણ પંચાયતમાં ચૂંટાયેલા ૧૦ સભ્યોએ તાલુકા વિકાસ અધિકારીને કરી હતી અને નિયમ મુજબ અવિશ્વાસની દરખાસ્તના કારણોમાં ઉપસરપંચ પંચાયતના વહીવટના કામમાં અડચણરૂપ બને છે, વિકાસના કામોમાં અવરોધરૂપ વર્તન તેમજ સરપંચને ન છાજે તેવુ વર્તન કરતા હોવાના આક્ષેપ સાથે પંચાયત કચેરીમાં મળેલી સભામાં અવિશ્વાસનો પ્રસ્તાવ મૂકાયો હતો. જેમાં તલાટી સમક્ષ સરપંચ સહિત તમામ સભ્યો હાજર રહ્યા હતા અને દરખાસ્તમાં મતદાન થતા તરફેણમાં ૧૦ સભ્યે સહી કરી હતી.

# ગાંધીનગર મનપાનાં એસ્ટેટ તંત્રની દિવાળી ટાણે કડક કાર્યવાહી, રૂ. ૨.૬૨ કરોડ બાકી ભાડાની બાકી વસુલાત માટે ૩૬૫ નોટિસો ફટકારી





ગાંધીનગર મ્યુનિસિપલ કોર્પોરેશન દ્વારા ટોકનદરે ફાળવવામાં આવેલ માઈક્રોશોપીંગ, દુકાનો, લારી, પ્લોટ, ત્રિકોણિયા પ્લોટ વિગેરેની બાકી ભાડાની રૂ. ૨ કરોડ ૫૨ લાખ ૬૫ હજાર ૬૨૨ રૂપિયાની વસુલાત માટે દિવાળી ટાણે જ ૩૬૫ જણાને નોટિસો ફટકારી દુકાનો સીલ કરવા સુધીની ચીમકી આપવામાં આવતા વેપારીઓ દોડતા થઈ ગયા છે.

ગાંધીનગર મ્યુનિસિપલ કોર્પોરેશન દ્વારા માઈક્રોશોપીંગ, દુકાનો, લારી, પ્લોટ, ત્રિકોણિયા પ્લોટ વગેરે જગ્યા ટોકનદરે વેપારીઓને ફાળવવામાં આવી છે. તેમ છતાં વેપારીઓ ભાડાની રકમ ચુકવણી કરવાની કોઈ દરકાર કરતા નથી. તો એસ્ટેટ તંત્રએ ઢીલી નીતિ અપનાવતા બાકી ભાડાની વસુલાત રૂ. ૨ કરોડ ૫૨ લાખ ૬૫ હજાર ૬૨૨ રૂપિયા સુધી પહોંચી ગઈ છે. જેને લઈને મનપા તંત્રએ દિવાળી ટાણે બાકી ભાડાની વસુલાત માટે ૩૬૫ નોટિસો ફટકારવામાં આવતા વેપારીઓ દોડતા થઈ ગયા છે.

ગાંધીનગરમાં નાના વેપારીઓ રોજીરોટી રળી શકે એ માટે તંત્ર દ્વારા માઈક્રોશોપીંગ, દુકાનો, લારી, પ્લોટ, ત્રિકોણિયા પ્લોટ વિગેરે ટોકનદરે ભાડેથી આપવામાં આવે છે. જો કે ટોકન દરે ભાડું ચૂકવવામાં પણ છેલ્લા આઠ દસ વર્ષથી ભાડું ભરવામાં વેપારીઓ આળસ દાખવી રહ્યા હતા. તો મનપા તંત્ર પણ ઢીલાશ દાખવતા અત્યાર સુધીની બાકી ભાડાની વસુલાત ૨ કરોડ ૫૨ લાખ ૬૫ હજાર ૬૨૨ રૂપિયા સુધી પહોંચી ગઈ છે.

સેકટર-૨૧ શાક માર્કેટના ઓટલાનું વાર્ષિક ભાડું માત્ર રૂ.૧૭૦૦-૧૮૦૦ જેટલું છે. આમ છતાં ૧૧૦ ઓટલાનું ભાડું આઠ દસ વર્ષથી ભરાયું નથી. જેના કારણે કુલ. ૪૬ લાખ ૮૫ હજાર ૫૦૦ ભાડુ વસૂલવાનું બાકી છે. મનપાની રચનાને પણ ૧૩ વર્ષ જેટલો સમય થવા આવ્યો છે. નિયમિત ભાડું જમા કરાવવા વેપારીઓને તાકિદ કરાઈ હતી. આમ છતાં ઘણાં વેપારીઓએ છેલ્લા ૮-૧૦ વર્ષથી ભાડું ભર્યું નથી. જેના કારણે બાકી ભાડાંની રકમ કરોડો રૂપિયામાં પહોંચી છે. જેનાં ભાગરૂપે તાજેતરમાં નાયબ મ્યુનિસિપલ કમિશનરના અધ્યક્ષસ્થાને બેઠક મળી હતી. જેમાં ૧૦ નવેમ્બર સુધી ભાડું નહી ભરનાર માઈક્રોશોપીંગ/ દુકાનો સીલ કરવાની સૂચનાઓ આપવામાં આવી હતી. જે અન્વયે એસ્ટેટ શાખાએ આજરોજ સેકટર - ૧૦ મીનાબજારના કુલ ૧૩૫ માઈક્રોશોપીંગને કુલ રૂ.૭૮,૪૦,૫૮૨ તથા સેક્ટર-૨૧ ખાતેના કુલ ૧૨૧ લારી પ્લોટોને કુલ રૂ.૧,૨૭,૩૯,૫૦૦ તથા ૧૧૦ ઓટલાને કુલ રૂ.૪૬,૮૫,૫૦૦ એમ કુલ રૂ.૨,૫૨,૬૫,૬૨૨ ની બાકી ભાડાની કુલ ૩૬૫ નોટીસ આપવામાં આવી છે.આગામી નિયત સમયમાં ભાડું નહી ભરી દેવાય તો સીલિંગ ઝુંબેશ શરૂ પણ કરવામાં આવશે.

# હોસ્પિટલના ૧૦૦ મીટર ત્રિજ્યામાં પ્રતિબંધ: દિવાળીમાં રાત્રે ૮થી ૧૦ સુધી જ ફટાકડા ફોડી શકાશે

આગામી દિવાળીના તહેવારો દરમિયાન ફટાકડા ફોડવા માટે સુપ્રીમ કોર્ટની ગાઈડલાઈન પ્રમાણે જિલ્લા અધિક કલેક્ટર દ્વારા જાહેરનામુ બહાર પાડવામાં આવ્યું છે. જે મુજબ ગાંધીનગર જિલ્લામાં દિવાળીના તહેવારો દરમિયાન ૩૧ ઓક્ટોબરથી ૧૫ નવેમ્બર સુધી રાત્રિના માત્ર ૮થી ૧૦ વાગ્યા દરમિયાન જ ફટાકડા ફોડી શકાશે. જાહેરનામામાં જણાવ્યા પ્રમાણે ગ્રીન તથા માન્યતાપ્રાપ્ત ફટાકડા જે ઓછા એમિશન્સ ઉત્પન્ન કરે છે તે સિવાયના ફટાકડાના ઉત્પાદન અને વેચાણ પર પ્રતિબંધ મૂકવામાં આવ્યો છે. વધુ પ્રમાણમાં હવાનું પ્રદૂષણ પેદા કરતા અને ઘન કચરો પેદા કરતા બાંધેલા ફટાકડા પર પ્રતિબંધ મૂકવામાં આવ્યો છે. ફટાકડાનું વેચાણ માત્ર માન્યતાપ્રાપ્ત લાયસન્સ ધારક વેપારીઓ જ કરી શકશે. ઈ- કોમર્સ વેબસાઈટને ઓનલાઈન ફટાકડાના વેચાણ પર પણ પ્રતિબંધ મૂકવામાં આવ્યો છે. હોસ્પિટલ, શૈક્ષણિક સંસ્થાઓ, નસ'ગ હોમ, આરોગ્ય કેન્દ્રો, ન્યાયાલયો, ધાર્મિક સ્થળોની ૧૦૦ મીટરનો વિસ્તાર સાયલન્ટ ઝોન જાહેર કરવામાં આવ્યો છે. આથી આ ઝોનમાં ફટાકડા ફોડી શકાશે નહીં. કોઈપણ પ્રકારના વિદેશી ફટાકડા આયાત કરી શકાશે નહીં, રાખી શકાશે નહીં કે વેચાણ કરી શકાશે નહીં. ભયજનક સ્થિતિ ઉભી ન થાય તે માટે પેટ્રોલ પંપ, એલપીજી સ્ટોરેજ કે અન્ય કોઈ ગોડાઉન પાસે ફટાકડા ફોડી શકાશે નહીં. કલેક્ટરે જાહેરનામું બહાર પાડી આદેશ કર્યો છે. જાહેરનામાના ભંગ બદલ વ્યક્તિ સામે ગુનો નોંધવામાં આવશે.

### મીના બજારની કાયાપલટનો પ્રોજેક્ટ

# ૪૨ વર્ષ જૂના મીના બજારનું રિડેવલપમેન્ટ કરી અર્બન ચોક તરીકે વિકસાવાશે

શહેરમાં જૂના સચિવાલયની પાછળ આવેલા અને સરકારી કર્મચારીઓના પ્રિય એવા ૪૨ વર્ષ જૂના મીના બજારની કાયાપલટનો પ્રોજેક્ટ મહાનગરપાલિકા દ્વારા હાથ ધરવામાં આવ્યો છે. કોર્પોરેશન દ્વારા મીના બજારના રીડેવલપમેન્ટ માટે કવાયત હાથ ધરવામાં આવી છે. આ સંપૂર્ણ માર્કેટને રીડેવલપ કરીને અર્બન ચોક તરીકે વિકસાવવામાં આવશે. આ પ્રોજેક્ટ તૈયાર કરવા માટે ખાનગી કન્સલ્ટન્ટ રોકવાની દરખાસ્તને સ્થાયી સમિતિ દ્વારા મંજૂરી આપવામાં આવી છે.

૨૩૫૦ ચોરસમીટરમાં ફેલાયેલા મીના બજારમાં ૧૯૮૨માં ફેરીયાઓ દ્વારા ચીજવસ્તુનું વેચાણ શરૂ કરવામાં આવ્યું હતું. હાલ અહીં ૧૩૫ પાકી, ૨૦૭ કાચી દુકાનો તથા ૪૦ જેટલા લારી- ગલ્લા આવેલા છે. વર્ષ ૧૯૯૨માં અહીં પાકી દુકાનોનું બાંધકામ શરૂ થયું હતું. આ બજાર શહેરની મધ્યમાં હોવાથી અને મહત્વની સરકારી કચેરીઓની નજીક હોવાથી લોકોની ભારે અવરજવર રહે છે. નવા પ્લાન પ્રમાણે એન્ટ્રી અને એક્ઝિટ પોઈન્ટ પર બોલાર્ડ મૂકાશે, દરેક દુકાનોને એક સરખા ધોરણથી બનાવાશે.

Printer/Publisher/Owner & Editor : Pradip A. Raval Printed At :-Shivam Offset, Plot No. 101/1/9, G.I.D.C., Sector-28, Gandhinagar. Published At Plot No. 581/1, Sector - 7B, Gandhinagar - 382007, Gujarat.